# ઓર કોઉ સમઝે સો સમઝે હમકું ઇતની સમઝ ભલી..........

"અમૃત વચનાવલી" પ્રકાશક : પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર રાજકોટમાંથી સાભાર ઉદ્ધૃત

શું આપણે પુષ્ટિમાર્ગીય છીએ : ? શું આપણા સૌના એકમાત્ર ગુરૂ તરીકે શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીને સ્વીકારીએ છીએ ? શું આપશ્રીની અલૌકિક વાણી/આજ્ઞાને તેના મૂળ સ્વરૂપમાં જ સમજાવનાર અને સ્વયં આચરણમાં મૂકનાર સિદ્ધાંતનિષ્ઠ શ્રી વલ્લભવંશ જ ગોસ્વામી આચાર્યને ગુરૂદ્વારા રૂપે આપણે સ્વીકારવા તૈયાર છીએ ? તો પછી શ્રી મહાપ્રભુજી , ઉભય શ્રી પ્રભુચરણે, આપના સાત લાલજીઓ મહાનુભાવ, શ્રી હરિરાયચરણ, લેખવાળા શ્રી પુરૂષોત્તમચરણ અને ત્યાર પછી પણ શ્રી વલ્લભસંપ્રદાયમાં સમયાંતરે પ્રકટ થયેલા વિદ્વાન એવં સિદ્ધાન્ત નિષ્ઠ ગોસ્વામી આચાર્યોના વચનામૃતોનું સંકલન કે જે "અમૃત વચનાવલી / સિદ્ધાંત વચનાવલી" નામના પુસ્તકરૂપે અથવા એક પરિશિષ્ટરૂપે પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી કૃત ગ્રંથોમાં અવારનવાર પ્રકટ થતું રહે છે તેને વાંચવા-વિચારવા અને આચરણમાં મૂકવા આપણે ક્યારે વિચાર્યું છે ખરું ? આ વચનાવલીને અત્યંત ધ્યાનપૂર્વક

(૨) વિચારો કે આપણી કથની અને કરણીમાં ક્યાંક ભેદ તો નથી ને ?

(૩) વિચારો કે શ્રી મહાપ્રભુજીની વાણી શ્રવણ કર્યા પહેલાં આપણે જેને પુષ્ટિમાર્ગ સમજતા હતા અને હવે શ્રી ગુરૂમુખેથી શ્રવણ કર્યા પછી આપણને જે પુષ્ટિમાર્ગ સમજાય છે.

તેમાં કેટલો તફાવત છે ?

(૪) વિચારો કે આફણી અજ્ઞાનતા અને પુષ્ટિમાર્ગ વિશેની સાચી જાણકારીના અભાવમાં કેટલાક સ્વાર્થી તત્વો ગેરલાભ તો લઈ રહ્યા નથી ને ?

(૫) વિચારો કે અંધશ્રદ્ધા કે પછી અંધ અનુકરણના ઓથા હેઠળ કહેવાતા ભાઈજીઓ, બાપાઓ, પેટિયું રળતા ભાગવત કથાકારોસ પ.ભ.(પરમ ભયરૂપ) ઓ કે પછી પુષ્ટિય ભગતોના રવાડે તો આપણે ચઢી ગયા નથી ને ? પૂર્ણ દૃઢ નિષ્ઠા સાથે શ્રી મહાપ્રભુજીની વાણીનું શ્રવણ-મનન- કથન- ચિંતન કરીએ. પાકા નિર્ધાર સાથે પ્રતિજ્ઞા લઈએ કે હવે પછી શ્રી મહાપ્રભુજીની આપશ્રીની આજ્ઞાઓને યથાર્થ સ્વરૂપે સમજાવનારા અને આચરણમાં મૂકનારા શ્રીવલ્લભવંશજ ગોસ્વામી આચાર્યને ગુરુ તરીકે માનોછો, આપશ્રી દ્વારા પ્રકટિત ષોડશગ્રંથો, તત્વાર્થદીપ નિબંધ વગેરે સ્વમાર્ગીય ગ્રંથોમાં પૂર્ણ નિષ્ઠા ધરાઓ છે, શ્રીમહાપ્રભુજીના ચરણકમલોમાં દ્રઢ અને અનન્ય આશ્રય ધરાઓ છો અને પુષ્ટિમાર્ગને વળગી રહેવાની તમારી આસ્થા ડગી નહિ હોય, તો પછી તમારી વિચારશક્તિ અને સમજશક્તિ જ પોકાર ક્રશે કે અત્યાર સુધી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી વિરુદ્ધ અને મનકલ્પિત કહેનારા વૈષ્ણવો અને શ્રીવલ્લભવંશજોથી વાણીથી અમે ગમે તેમ દોરવાયા હતા, અમને ગેરમાર્ગે લઈ જવાયા હતા અને શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોથી અમને તદ્દન અજાણ રાખવામાં આવ્યા હતા.

શ્રીમહાપ્રભુજીના સાચા પુષ્ટિસિદ્ધાંતો શ્રવણ કર્યા પછી અવૈષ્ણવને કરાવનારની એક વર્ષની સેવા નિષ્ફળ જાય છે એમ શ્રીહરિરાયચરણ કહી રહ્યા છે, છતાં અમે અમારા સેવ્યસ્વરૂપને પડોશમાં રહેતા અવૈષ્ણવોને બોલાવીને દર્શન કરાવતા રહ્યા હતા. વિશેષમાં શ્રીમહાપ્રભુજીના વંશજો પણ જાહેર હવેલીઓ ઊભી કરીને પોતાના શ્રીઠાકોરજીને જાહેરમાં અને હવે તો ટી.વી. ચેનલોમાં આંતરરાષ્ટ્રીય ધોરણે દર્શન કરાવીને ભગવદ્‌સેવાને ક્ષણે-ક્ષણે નિષ્ફળ બનાવવાની આવી શું લીલા કરતા હશે ??"

"અમે એવું તો શું પાપ કર્યું હતું કે જેના દંડ સ્વરૂપે અમને પુષ્ટિમાર્ગના નામે આટલા-આટલા વખત સુધી મૂર્ખ બનાવવામાં આવ્યા ? સાચો પુષ્ટિમાર્ગ શ્રીમહાપ્રભુજીની વાણીથી અમને કેમ સમજાવવામાં ન આવ્યો ?"

"અરે, આપણે તો ધંધાકીય મનોરથો-છપ્પનભોગ, અન્નકૂટ, પલના-હિંડોળા વગેરેમાં ભેટ-સામગ્રી આપી-આપીને અત્યાર સુધી ભવ

દિશામાં દ્રઢ નિષ્ઠા સહિત કર્તવ્યપરાયણ રહીશ.

## કોરી પાટી જેવા પુષ્ટિમાર્ગીઓ માટે ચેતવણી :

"જો તમે ગામની જાહેર હવેલી-મંદિરોમાં એકવાર દર્શન કરી કૃતકૃત્ય થવાનો નિયમ લીધો છે, ભેટ-સામગ્રી આપવાના, ક્યારેક મનોરથી બનવાના, ક્યારેક મંદિરના નોટીસ-બોર્ડ ઉપર પ્રસિદ્ધિ મેળવવામાં જ પુષ્ટિમાર્ગ સમજી રહ્યા છો. જો તમે ધંધાદારી વક્તાને દક્ષિણા-ભેટ આપીને ભાગવત કથા-કીર્તન, લોટી ઉત્સવો, ચુંદડી મનોરથો, સર્વોત્તમયાગ, પુરુષોત્તમયાગ, યમુનાયાગ વગેરેને જ પુષ્ટિમાર્ગ માની રહ્યા છો, તો પછી શ્રીમહાપ્રભુજીના સાચા સિદ્ધાંતોને સમજ્યા-જાણ્યા પછી ચોક્કસ તમારા હૃદયમાં કબૂલ કરશો કે અમારાથી મોટા મૂર્ખના સરદારો બીજા કોઈ જ નહોતા !! ક્યારેક વિચાર આવશે કે જેને અમે પરમ ભગવદીયો (પરમ ભયરૂપ ?) સમજી બેઠા હતા, જેમના શબ્દોને પ્રમાણ માનીને અત્યાર સુધી ચાલતા

એકવાર નહિ, બે વાર નહિ પરંતુ વારં વાર વાંચો અને તેના તાત્પર્યને વિચાર કરો.

માર્ગથી ભટકી ગયેલાને ફરીથી સાચા માર્ગ ઉપર આવવામાં નાનમ ન હોવી જોઈએ. જે માર્ગ આખો જનસમૂહ/ ટોળાં/ આખો વર્ગ ચાલતો આવ્યો છે અ હાલ ચાલી રહ્યો છે. તે જ માર્ગ સૌને માટે અનુસરણીય છે. તેવો ઉલ્લેખ આપણા ધર્મશાસ્ત્રોમાં ક્યાંય નથી. ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ્ ભાગવતગીતા અ.૧૬ /૨૩-૨૪ માં સ્વમુખે આજ્ઞા કરે છે કે "હે અર્જુન! શું કાર્ય કરવું અને શું કાર્ય ન કરવું તેની વ્યવસ્થા માટે શાસ્ત્ર જ પ્રમાણ છે. આથી શાસ્ત્ર આજ્ઞાઓને જાણીને તું સ્વકર્મનું આચરણ કર. પરંતુ જે કોઈ શાસ્ત્ર વચનોથી વિરૂદ્ધ અને તેનું ઉલ્લંઘન કરીને મનમાની રીતે સ્વચ્છંદતાથી વર્તે છે તેને કોઈ જ સિદ્ધિ કે ફળ પ્રાપ્તિ થતી નથી, કોઈ સુખ મળતું નથી. અને આ લોક તેમજ પરલોકમાં પણ કોઈ ગતિ થતી નથી." આમ પ્રત્યેક દૈવી જીવ માટે ધર્મમાર્ગે અર્થાત્ શાસ્ત્રોકત માર્ગે કે પછી મૂળ પુરૂષના માર્ગે જ ચાલવાની સર્વત્ર શાસ્ત્ર આજ્ઞા છે.

(૧) માટે સૌ વિચારો કે શ્રી મહાપ્રભુજીની આજ્ઞા અનુસાર આપણો અલૌકિક જીવ-વ્યવહાર છે કે નહિ ?

આજ્ઞાથી વિરૂદ્ધ કંઈપણ કાર્ય કદાપિ નહિ કરીએ.

ચેતવણી : એવી પૂરી શકયતા છે કે કેટલાક અપસિદ્ધાંતપોષક કહેવાતા પુષ્ટિમાર્ગીઓ તમારા હાથમાંથી "અવિરત" પાક્ષિકનો આ અંક પડાવી લેવા તત્પર બનશે. તમારા કાનમાં ધીમેથી કહેશે કે આવું વાંચવાથી થઈ જશો. શ્રીગુરૂજનોનું કામ તો આવા બધા વચનામૃતો કહેવાનું જ હોય છે. આપણને તો પ્રભુ કરાવે એટલું જ કરવાનું.

આવા જુદા જુદા વચનામૃતો સાંભળવાથી કે વાંચવાથી મગજ ખરાબ થઈ જશે. અત્યારસુધી જે કંઈ કરતા આવ્યા છીએ તે બધું ખોટું હોત તો શું આપણા બાપદાદાઓ મૂર્ખ હતા ? શું તેઓ સિદ્ધાંત જાણતા નહોતા ? શું તેઓના ગુરૂઓએ તેઓને સાચો સિદ્ધાંત કહ્યો જ નહિ હોય ?"

-આવા ભયજનક અને આપણને અધઃપતન કરાવનારા અનેક વચનો સંભળાવશે પરંતુ આપણે અડગ રેહવાનું છે. વિવેક-ધૈર્ય અને આશ્રય સહિત વિચારીશું તો સ્પષ્ટ જણાશે કે આપણે અત્યારસુધી પુષ્ટિપથતી દૂર અંધકારમાં જ આથડતા રહ્યા છીએ અને ભવાટવીમાં ભટકતા જ રહ્યા છીએ.

## સિદ્ધાંતનિષ્ઠ અને વિચારશીલ પુષ્ટિમાર્ગીઓ

જો તમે શ્રીમહાપ્રભુજીને અને વિચારતાં, મનન, ચિંતન કરતાં મનમાં આવા આવા વિચારો, લાગણીઓના પૂર ઊઠશે અને જબરદસ્ત આઘાત સાથે હૃદયમાં પશ્ચાતાપ પણ થશે કે -

"અત્યાર સુધી તો હવેલીઓમાં - કહેવાતા જાહેર પુષ્ટિમંદિરોમાં પ્રસાદના પડિયા ખાધા એટલે ભયોભયો સમજતા હતા. દેવદ્રવ્યનો પ્રસાદ ખાવાથી નરકમાં પડાય એવી આજ્ઞા સ્વયં શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે છતાં નવાઈની વાત એ છેકે એ જ દેવદ્રવ્યનો પ્રસાદ અમને હોંશેહોંશે લેવડાવવામાં આવ્યો હતો અને અમે આનંદથી લીધો હતો !!"

"દક્ષિણ-ન્યોચ્છાવર આપીને ભંડોળી ભાગવત-કથાનો ક્ષુદ્ર અને ક્ષણિક આનંદ પણ માણ્યો હતો. ઢાઢીલીલા, માળા-પહેરામણી વગેરેમાં સામેલ થઈને ભક્તિ કર્યાનો સંતોષ પણ માન્યો હતો, કે જેને શ્રીમહાપ્રભુજી દુઃસંગ અને ગટરનું પાણી પીધા બરાબર કહી રહ્યા છે !!"

"કહેવાતા મંદિરો-હવેલીઓમાં અધિકારી-ટ્રસ્ટી બનીને, અરે સેવાકાર્ય સમજીને જવાબદારી સ્વીકારી હતી તેના માટે તો સ્વયં શ્રીગોવર્ધનનાથજી સ્વમુખે જ શ્રીગુંસાઈજી પ્રભુચરણને આજ્ઞા કરે છે કે જે અધિકારી બનશે તેનો સર્વનાથ થશે !!" (જુઓ ૮૪ વૈષ્ણવ વાર્તા-કૃષ્ણદાસ અધિકારી).

"પોતાના સેવ્યસ્વરૂપના દર્શન બગાડ્યો ! શ્રીમહાપ્રભુજીના માર્ગથી સદંતર વિરુદ્ધ આવું બધું કેમ કર્યુ ?"

"અત્યાર સુધી તો હવેલી-પંથને જ પુષ્ટિમાર્ગ સમજતા હતા !! જાહેર હવેલી, મંદિર જાહેર દર્શન, જાહેર મનોરથ, જાહેર સામગ્રી પ્રદર્શન વગેરેનો જ પુષ્ટિમાર્ગ સમજતા હતા ! આવી બધી વાતો શ્રીમહાપ્રભુજી કે ત્યારપછી પ્રકટ થયેલા સિદ્ધાંતનિષ્ઠ શ્રીવલ્લભવંશજ આચાર્યોએ પોતાના ગ્રંથમાં ક્યાંય કરી જ નથી !! આવી બધી વાતોને તો પુષ્ટિમાર્ગમાં કોઈ જ સ્થાન નથી !! અત્યાર સુધી આવી સાવ ઊંધી વાતો - સિદ્ધાંતહીન માર્ગે અમને શા માટે ધકેલ્યા !!"

"અત્યાર સુધી ફક્ત વિત્તજા સેવા નામે જાહેર હવેલીઓમાં ભેટ-સામગ્રી આપીને એમ સંતોષ લીધો કે અમારા દ્રવ્યનો પ્રભુસેવામાં વિનિયોગ થયો ! પરંતુ પુષ્ટિમાર્ગમાં તો પ્રભુ પારકાની વસ્તુ-સામગ્રી કે દ્રવ્ય કદાપિ અંગીકાર કરતા નથી. તો શું આટલા વર્ષો સુધી આપણે બધું રાખમાં જ હોમ્યું ને !"

કાળજું કઠણ કરીને વિચારીએ. અંતઃકરણમાં સાચા પશ્ચાતાપપૂર્વક શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી, ઉભય શ્રીપ્રભુચરણો તથા આપના સપ્ત આત્મજોની ક્ષમાયાચના કરીએ. હવેથી મનસા-વાચા-કર્મણા ૧રી શકિત અનુસાર શ્રીમહાપ્રભુજીની વાણી અને સિદ્ધાંતો પ્રતિ હું સંપૂર્ણ સમર્પિત રહીશ અને આપશ્રીએ બતાવેલ પુષ્ટિપથની હતા, લૌકિકમાં અને અલૌકિકમાં જેમને ગુરૂરૂપે સમજીને અનુસરતા હતા, તેમણે જ અમને અંધારામાં રાખ્યા ? વિચાર અવશ્ય આવશે કે આ બધું શું થઈ ગયું ? કોની વાત માનવી કે કોની વાત ન માનવી ? હવે શું કરવું ?"

ધીરજ રાખો. શ્રદ્ધાને ડગવા દેશો નહિ. બુદ્ધિનો સદુપયોગ કરો. "અશકચે વા સુશક્ય વા સર્વથા શરણં હરિઃ"નું સ્મરણ કરો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓથી જરા સરખી પણ વિપરીત વાતો કરનારાના સંગને દુઃસંગ સમજવો એવી શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે. અન્ય કોઈનો વિશ્વાસ કે આશ્રય કરશો નહિ. શ્રીમહાપ્રભુજીના ગ્રંથો-તત્ત્વાર્થદીપ નિબંધ, ષોડશગ્રંથો વગેરે દ્વારા પુષ્ટિમાર્ગને સમજવાનો-વિચારવાનો અને અનુસરવાનો દ્રઢ સંકલ્પ કરો. દ્રઢ આશ્રય એ જ પુષ્ટિમાર્ગનો પાયો છે. શ્રીમહાપ્રભુજીની વાણીનું સતત શ્રવણ-મનન-કથન અને ચિંતન એ જ સ્વમાર્ગથી દૂર થઈ ગયેલાઓ માટે ફરીથી પુષ્ટિમાર્ગ પર પાછા ફરવાનો એકમાત્ર ઉપાયછે. અંધશ્રદ્ધા અને અંધ અનુકરણ તો ઊંડા કૂવામાં ધકેલી દેનાર છે. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલ પુષ્ટિસિદ્ધાંતો અનુસાર જ પુષ્ટિજીવન વ્યતીત કરવામાં આપણું આધિદૈવિક હિત સમાયેલુંછે. એટલું જ યાદ રાખો.